ગાંધીનગર સમાચાર

તા. ૨૫-૧૨-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### તારણહાર ઈશ્વરપુત્રનું પ્રાગટ્ય પર્વ

વિશ્વના સૌથી મોટા ધર્મ તરીકે ઓળખાતા ખ્રિસ્તી ધર્મના આદિપુરુષ ઈસુનો જન્મોત્સવ દુનિયાના ખૂણે ખૂણે હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાય છે. ઈસુએ માનવજાતનાં દુઃખો પોતાના માથે ઓઢી લઈ સત્ય ખાતર ક્રૂસ પર ચડવામાં શ્રેય માન્યું. એમના જન્મ વિશેની ભાત ભાતની દંતકથાઓમાં કલ્પનાનું તત્વ જ હશે એમ માની લઈએ તો પણ એ કુંવારી માતાની કૂખે જન્મેલા બાળક તરીકે ઈસુએ ટૂંકા આયખા દરમિયાન જે મસમોટું ગજું કાઢ્યું છે, એ વિશ્વના ઈતિહાસની ન ભૂતો ન ભવિષ્યતિ જેવી ઘટના છે. કોઈપણ વિશ્વનાયકને ઈસુ જેવી જ કસોટીમાંથી પસાર થવું પડ્યું છે. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવી, સોક્રેટીસ, મોહંમદ કે ગાંધી એવાં અનેક વિભૂતિનામો સ્મરણ આવ્યા, જ્યારે એનાથી હવે જરા પણ વધુ સમય માટે પીડા જીરવી શકાય એમ ન હતી. બધાએ એક યા બીજી રીતે બલિદાન જ આપ્યું છે. એમને નિયતિએ કદાચ પોતાના બલિદાન દ્વારા ભટકેલા માનવ સમાજને સાચી દિશામાં દોરવા માટે જ પૃથ્વી પર મોકલ્યા હતા. ઈસા મસીહના જીવન પ્રસંગોમાં બનેલી ઘટનાઓનું પૃથક્કરણ કરવામાં આવે તો સમજાય કે માનવ મૂલ્યો- પ્રેમ, સત્ય, અહિંસા અને કરુણા શાશ્વત જીવન મૂલ્યો છે, પરંતુ એમની પ્રસ્થાપના કરવા માટે - ધર્મ સંસ્થાપનાર્થાય' આવાં ઈશ્વરી તત્ત્વોને યુગે યુગે અવતરવું પડયું છે. ઈસુ પોતાને ઈશ્વરના પુત્ર તરીકે ઓળખાવતા હતા, જે એમના સમયનાં સ્થાપિત હિતોથી જીરવાયું નહીં. આખરે ખોટા આરોપો ઘડીને એમને ક્રોસ પર ચડાવી દેવાયા. આવી અસહ્ય પીડા પણ યુગ પુરુષોના જ કપાળે લખાયેલી હોય છે. ભગવાન રામચંદ્રને જળ સમાધિ લેવી પડી હતી, શ્રીકૃષ્ણને પારધિના બાણથી વીંધાવું પડેલું, સોક્રેટીસને ઝેર પીવું પડે, બુદ્ધને સડેલું માંસ ખાઈને મરવું પડે કોઈ પણ મહાનાયકના કિસ્મતમાં સીધી લીટીનું જીવન તો લખાયું જ નથી હોતું! પરંતુ એ બધા જીવ્યા અને મર્યા છે ઉચ્ચતર મૂલ્યોની રખેવાળી કાજે. રૂઢિચુસ્ત સમાજને એમણે જાનના જોખમે સાચી દિશામાં દોરવાનો પુરુષાર્થ કર્યો છે. ઈસુના પ્રાગટ્ય પર્વનો આનંદ વહેંચવા નીકળતા સાન્તા કલોસ પાસે આપણે પણ જીવનના આદર્શ ચીલે ચાલવાના આશીર્વાદ માગીએ. ખ્રિસ્તીધર્મ તો દયા, કરુણા અને પ્રેમનો સંદેશો પાઠવતો ધર્મ છે. સેવાનો કોન્સેપ્ટ જ કદાચ ખ્રિસ્તી ધર્મે આપ્યો છે. કુષ્ઠ-રકતપિત જેવા રોગોથી ખદબદતાં માનવજંતુડાંને અને ભૂખ્યાં દુખ્યાં વનવાસીઓને દલિત-શોષિત-વંચિત સમુદાયને ખ્રિસ્તી મિશનરીઓએ કેટલાક આત્મીય ભાવથી પોતીકાં કરી લીધાં, તેનો ઈતિહાસ આપણી નજર સામે છે. દુનિયાએ ખ્રિસ્તીધર્મ પાસેથી ઘણું શીખવાનું છે. એ પાપીને નહીં, પાપને નફરત કરે છે. નાતાલ પર્વે ઈશ્વર પુત્ર ઈસુનાં ચરણે કોટિ કોટિ વંદન.



સર્વ વિદ્યાલય કડી કેમ્પસ સે-૨૩માં આવેલ વી.એમ. કુમાર અને એચ.વી. કન્યા બાલમંદિરમાં તા. ૨૪-૧૨-૧૪ના રોજ 'નાતાલ' પર્વની ઉજવણી ક્રિએટીવ ઝોનમાં કરવામાં આવી હતી. બાલમંદિરના ભૂલકાઓ અને શિક્ષિકા બહેનો શાન્તાકલોઝ દાદા, પરીઓ, મેરીની વેશભૂષામાં ગીત જીંગલ બેલ... ગાઈ તેમજ ડાન્સ કરી વાતાવરણને આનંદવિભોર બનાવ્યું હતું. આ પ્રસંગે ક્રિએટીવ ઝોનના ઈન્ચાર્જ કિરણબેન પટેલ, બાલમંદિરના આચાર્યા હસુમતીબેન રામી તેમજ સ્ટાફ પરિવારના સહયોગથી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## શનિવારે ગાંધીનગર ગ્રામ્ય જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર ગ્રામ્ય જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધા તા. ૨૭મી ડિસેમ્બરે સવારે ૯ વાગે મોટા ચિલોડાની ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે યોજવામાં આવી છે. આ સ્પર્ધા રાજયના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આયોજીત કરવામાં આવી છે. આ બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં અ, બ અને ખુલ્લો વિભાગ એમ ત્રણ ભાગમાં વહેંચવામાં આવી છે.

આ સ્પર્ધામાં ૭ થી ૧૦ વર્ષની ઉંમર ધરાવતા બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં નિબંધ, ચિત્રકલા, વકતૃત્વસ્પર્ધા, સર્જનાત્મક કામગીરી, એક પાત્રીય અભિનય, લોક વાદ્ય, લગ્નગીત વગેરેની હરિફાઈ યોજવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક શાળાઓના બાળકોએ જન્મ તારીખના પુરાવા સાથે સ્પર્ધા સ્થળે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## એસ.જી. પ્રાથમિક શાળામાં ક્રિસમસ પર્વની શાનદાર ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં આજે ક્રિસમસ પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ગીત સંગીતની સાથે સાથે ઈશુના જન્મદિનને વિદ્યાર્થીઓએ શાંતાકલોઝની વેશભૂષામાં તેમજ નાટયાત્મક અભિનયથી માણ્યો હતો.

શાળામાં ક્રિસમસ પર્વની ઉજવણી સંદર્ભે મધર મેરી તેમજ આકાશમાંથી આવેલી પરીઓની કથાને બાળકોએ સુંદર વસ્ત્રાલંકારમાં સજ્જ થઈને અભિવ્યકત કરી હતી. ક્રિસમસને લગતા ગીતો તેમજ વેસ્ટર્ન ડાન્સ જોઈને બાળકો પણ ઝૂમી ઉઠયા હતા. નાના-નાના ભૂલકાઓને આ પ્રસંગે શાંતાકલોઝે નાની-મોટી ગીફટ આપીને ખુશ કર્યા હતા. સવારે આહલાદક વાતાવરણમાં બાળકોની સુંદર અભિવ્યકિતથી સૌ મુગ્ધ બની ગયા હતા. ધોરણ ૧ થી ૮ના બાળકોએ સમગ્ર કાર્યક્રમને આનંદપૂર્વક માણ્યો હતો. અહીં ખાસ નોંધનીય બાબત એ છે કે દરેક વર્ગને બાળકોએ જુદી જુદી રીતે શણગાર્યો હતો. રંગીન કાગળો, શંતાકલોઝના ચિત્રો, ક્રિસમસ ટ્રી, ફુગ્ગા, ચળકતા કાગળોનો ઉપયોગ કરી વર્ગ સજાવ્યો હતો. દરેક વર્ગમાં કેક કાપીને વર્ગ શિક્ષક સાથે બાળકોએ પર્વની મીઠાશ માણી હતી.

સમગ્ર પર્વનું આયોજન શાળાના શિક્ષકો દ્વારા સફળ રીતે સંપન્ન થયું હતું. આચાર્યા મિલિસિંહના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં બાળકો તેમજ શિક્ષકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં બજાજ એલાયન્ઝ કંપની દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધામાં ધોરણ ૧ થી ૮ના ૧૧૦૦ બાળકોએ ભાગ લીધો હતો.

આ ચિત્ર સ્પર્ધામાં ધોરણ ૧ થી ૨માં પ્રથમ ક્રમે ધો-૧-અના દેવ સુનિલભાઈ શિકારી, દ્વિતિય ક્રમે ધો-૨ અ ના તથ્યા ભાર્ગવકુમાર પટેલ અને તૃતીય ક્રમે ધો-૨અના ઓમ વી. ત્રિવેદી વિજેતા નિવડયા હતા. ધો-૩ થી પના વિભાગમાં પ્રથમ ક્રમે ધો-૩-બની વિશ્વા આર. પટેલ પ્રથમ ક્રમે, ધો-૫-એના રાજવર્ધનસિંહ એમ. ચૌહાણ દ્વિતિય ક્રમે અને ધો-૪-બીના હેત આર. પ્રજાપતિ તૃતીય ક્રમે વિજેતા જાહેર કરાયા હતાં. આ ઉપરાંત ધો-૬થી ૮ના વિભાગમાં પ્રથમ ક્રમે ૮-બની આર્યશ્રી કે. ચાવડા, દ્વિતિય ક્રમે ધો-૬-કના ઓમ.વાય. પટેલ તેમજ તૃતીય ક્રમે ૭-એની વિધિ એમ. જાડેજા વિજયી ઘોષિત કરાયા હતા. તમામ બાળકોને આચાર્ય દશરથભાઈ પટેલે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. વિજેતા બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતાં.

## જીઆઈપીએસમાં નાતાલની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના રાંધેજા ખાતે આવેલ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં નાતાલની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં સરગાસણ ખાતે આવેલ ગ્રીનસીટી બાઈબલ ચર્ચના પાદરી પાસ્ટર સામ જેસુઆ ઉપસ્થિત રહ્યા હતાં. શાળામાં નાતાલની ઉજવણી માટે આબેહૂબ ચર્ચ જેવું વાતાવરણ ઉભું કરાયું હતું. જેમાં પ્રાર્થના, બ્લેસીંગ સોંગ અને ડાન્સ ગીતો રજુ કરાયાં હતાં. આ ઉજવણીમાં સાન્તાકલોઝ અને નાના ભૂલકાંઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા અને તેમણે પરસ્પર 'મેરી ક્રિસમસ' કહી શુભેચ્છાઓ પાઠવી હતી. પાદરી જોસુઆએ બાળકોને રક્ષા, સુરક્ષા, તંદુરસ્તી, શિક્ષણ મુસાફરીની સફળતાના આર્શીવાદ પાઠવ્યા હતાં.

## પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ, લયબદ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય (શારીરિક, માનસિક, આધ્યાત્મિકનો દર માસના છેલ્લા સપ્તાહમાં યોજાતો નિઃશુલ્ક કાર્યક્રમ તા. ૨૬,૨૭ અને ૨૮ ડિસેમ્બર દરમ્યાન યોજાનાર છે. જેનો લાભ લેવા જણાવવામાં આવેલ છે. બલરામ મંદિર હોલ, સેકટર-૧૨, ગાંધીનગરમાં સવારે ૮ થી ૯ યોજાશે.

## હરિની દૃષ્ટિ...




સાહેબ, સૌ પહેલા આ મશિનનો 'આધાર' મજબુત કરો અથવા... એકલવ્યની જેમ અંગૂઠો આપતો જાઉ...!!

## કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ માઈન્ડ પાવર કાર્યક્રમમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની આર.જી. કન્યા માધ્યમિક અને એસ.સી. કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની ૨૨ વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં બાયસેગ દ્વારા આયોજીત માઈન્ડ પાવર - મનની શક્તિઓનો વિકાસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઈન્દ્રોડા સર્કલ પાસે આવેલ ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં જાણીતા ડૉ. જીતેન્દ્ર અઢિયા દ્વારા વિદ્યાર્થીનીઓને માઈન્ડ પાવરની તાલીમ આપી હતી. તેમણે આઠ મુદ્દા દ્વારા વિદ્યાર્થીઓને સચિત્ર પ્રેઝન્ટેશન દ્વારા જીવનના લક્ષ્યો કેવી રીતે હાંસલ કરવા તે અંગે વિસ્તૃત સમજ આપી હતી. આ પ્રસંગે શિક્ષણ બોર્ડના અધ્યક્ષ આર. આર. વરસાણી ઉપરાંત શિક્ષણાધિકારી બી. કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીનીઓ સાથે શાળાના ચાર શિક્ષકો મનુભાઈ, રશ્મિબેન, કમલેશભાઈ અને પંકજભાઈ ઉપસ્થિત રહ્યા હતા.



## જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલયએ શૈક્ષણિક પ્રવાસ યોજ્યો

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનો તા. ૧૩ થી ૧૬ ડિસેમ્બર દરમ્યાન શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેસલમેર, પોખરણ, રણુંજા, જોધપુર, માઉન્ટઆબુ, અંબાજી સ્થળોનો પ્રવાસ યોજેલ હતો. જેમાં રાજસ્થાનના પોખરણ મુકામે પ્રથમ અણુધડાકો (પરમાણુ પરિક્ષણ કરવામાં આવેલા ઐતિહાસિક સ્થળની બાળકો મુલાકાત લીધી હતી. જોધપુર, જેસલમેરનો કિલ્લાઓ બાળકોને બતાવીને પ્રાચીન સંસ્કૃતિના પરિચય કરાવ્યો હતો. ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ, આચાર્યા પ્રવિણાબહેન, ચૌધરી સહિત પાંચ શિક્ષકો સામેલ હતા. પ્રવાસ મંત્રી ઉષાબેન દરજીએ કરેલ હતું.

# ફિલ્મ PK એ સફળતાના વિક્રમો સજર્યા

બોલીવુડના પ્રસિદ્ધ ફિલ્મ ડાયરેકટર રાજકુમાર હિરાની એ ફરી એક વખત સાબિત કરી બતાવ્યું છે કે તેમની બનાવેલી ફિલ્મ કઇ રીતે સફળતાઓના એક પછી એક શિખર સર કરે છે. તેમની હાલમાં જ રિલીઝ થયેલી ફિલ્મ P.K. એ સફળતાના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે અને લોકોને સિનેમાઘર સુધી જવા માટે મજબૂર કરી દીધા છે. વર્તમાન સમયમાં આ ફિલ્મે લોકો જબરદસ્ત મેસેજ આપ્યો છે અને આમીરના અભિયનને સૌ કોઇએ બિરદાવ્યો છે આ ફિલ્મમાં કંઇ નવી સ્ટોરી, નવા ડાયલોગ સાથે હળવી ફૂલ કોમેડી રજૂ કરી છે. જેના લીધે આ ફિલ્મ લોકોની સફળતા મેળવવા સફળ રહી છે. ઘણા લાંબા સમય બાદ આવી નવીન સ્ટોરી આવતા લોકોને પણ મજા આવી હતી. દેશભરના સિનેમાઘરોમાં ધૂમ મચાવનાર P.K.ફિલ્મ અદભૂત અભિયનને ઉત્તમ નમૂનો છે.

ફિલ્મ પીકેમાં પીકે એટલે અભિનેતા આમીરખાન એક એલિયન છે. જેને પૃથ્વીની ધરતી પર એટલા માટે મોકલવામાં આવે છે કે, એના જેવા દેખાતા પૃથ્વી પરના લોકો વિશેની માહિતી મેળવી શકે.



પરંતુ પૃથ્વીની ધરતી પર પગ મુકતા જ એનું લોકેટ જે ને એ રિમોંટ કંટ્રોલ કહે છે જેને એક વ્યક્તિ ચોરીને ભાગી જાય છે. જેથી એ એના ગ્રહના લોકો સાથે સંપર્ક નથી કરી શકતો બાદમાં તે પોતે જ એ રિમોટ મેળવવા શોધખોળ શરૂ કરી છે.

બીજુ બાજુમાં મૂળ દિલ્હીમાં રહેતી ફિલ્મની અભિનેત્રી જગતજનની ઉર્ફે જગ્ગુ (અનુષ્કા શર્મા) વિદેશમાં રહી અભ્યાસ કરી રહી હોય છે. જયાં સરફરાજ (સુશાંતસિંહ રાજપુત) પ્રેમ થઇ જાય છે. પરંતુ જગ્ગુ (અનુષ્કા શર્મા)ના પરિવારજનો તપસ્વી મહારાજ (સૌરભ શુક્લા) ના કહેવાથી આ સંબંધ ના મંજૂર કરી નાખે છે. તપસ્વી (સૌરભ શુક્લા)નું કહેવું હતું કે સરફરાજ (સુશાંતસિંહ રાજપૂત) જગ્ગુને લગ્ન બાબતે દગો આપશે અને એવું જ થાય છે.

હતાશ થયેલી જગ્ગુ (અનુષ્કા શર્મા) તરત જ ફ્લાઇટ પકડી દિલ્હી પોતાના પરિવાર પાસે આવી જાય છે પરંતુ તેના પરિવારજનો તેને સ્વીકારતા નથી આથી એકલી રહી એક ન્યુઝ ચેનલમાં નોકરી શરૂ કરે છે.




બસ આજ સમયે રિમોંટની શોધમાં પી.કે. પણ દિલ્હીમાં આવી જાય છે. જગ્ગુ (અનુષ્કા શર્મા)ની દિલ્હીમાં પહેલીવાર પી.કે. ને તેને પીકેમાં કંઇક અલગ સ્ટોરી દેખાય છે. આથી તે પી.કે. નો પીછો કરવાની શરૂઆત કરે છે અને પોલીસ સ્ટેશનમાં બંનેની મુલાકાત થાય છે. પી.કે. (આમીરખાન) જયારે પોતાના વિશેની માહિતી આપે છે કે એ બીજાગ્રહ પરથી પૃથ્વી પર આવ્યો છે તો ત્યારે જગ્ગુ (અનુષ્કા શર્મા)ને વિશ્વાસ નથી થતો પરંતુ બાદમાં પી.કે. (આમીરખાન) આ બીજા ગ્રહની વાતનો વિશ્વાસ અપાવવામાં સફળ થઇ જાય છે. આથી જગ્ગુ (અનુષ્કા શર્મા) પીકેને રિમોંટ શોધવામાં મદદ કરવા લાગે છે.

આની પછી ફિલ્મની સ્ટોરી (કહાની)માં અનેક રોમાંચક વળાંક આવે છે. જે આપને ખળભળાટ હસવા માટે મજબૂર કરી દેશે.

પરંતુ ફિલ્મની સ્ટોરી (કહાની)માં શું થાય છે. તે તો તમારે સિનેમાઘરોમાં જ જઇને જોવું પડશે. પૃથ્વીની ધરતી પર બોવ મોટા, કન્ફ્યુઝન (પ્રોબ્લેમ) છે ભાઇ 'ધરતી પર આવતા પી.કે. આવાત ને મહેસૂસ કરે છે કે અહીંના લોકોની ફક્ત બોલી જ અલગ નથી પરંતુ ભગવાન પણ અલગ-અલગ છે. અને એમાં પણ પૂજાવિધિ કરવાની પદ્ધતિ પણ એક બીજાથી તદ્દન અલગ છે.

જેવી રીતે કે લોકો મંદિરોમાં ઉઘાડા પગે જાય છે અને ચર્ચમાં જોડા (બુટ ચંપલ) પહેરીને જાય છે.'

પીકેને એ વાત પર કન્ફ્યુઝન થાય છે કે હિન્દુ ધર્મની વિધવા સફેદ સાડી પહેરે છે. જયારે ઇસાઇ (ખ્રિસ્તી) ધર્મમાં યુવતીઓ સફેદ ગાઉન પહેરીને લગ્ન કરે છે. ઇસાઇ ધર્મમાં કોઇ વ્યક્તિનું મૃત્યુ થાય છે તો એ લોકો કાળા રંગના કપડાં પહેરે છે. જયારે મુસ્લિમ યુવતીઓ સામાન્ય રીતે કાળા રંગના બુરકા પહેરે છે.

ફિલ્મમાં પીકેની ભાષા જોરદાર હોય છે. પીકે જે બીજા ગ્રહનો હોય છે તે પોતાની શક્તિઓ વડે ભોજપુરી ભાષા બોલતા શીખી જાય છે.

આવામાં એ પ્લીઝને પ્લીઝ, ગ્રહને ગોળો, મતલબને મતલબ જેવા અનેક મજેદાર લહેકામાં બોલતો હોય છે.

આમીરના મોઢેથી તમામ ડાયલોગ આપને ખુબ જ પસંદ આવશે.

પીકે એ લોકોને બતાવ્યો રોંગ નંબર પીકેને જયારે ખબર પડે છે કે ધરતી પર રહેતા લોકો ભગવાનના નામ પર તપસ્વી મહારાજ (સૌરભ શુક્લા) જેવા લોકોની રોંગ નંબર લાગી રહ્યો છે એટલે કે તપસ્વી જેવા લોકો પોતાના સ્વાર્થ માટે સામાન્ય લોકોનો ઉપયોગ કરે છે આટલું જ નહીં લોકો પણ પુરી વાત જાણ્યા સમજ્યા વગર પરિણામ નક્કી કરી લે છે. એવામાં રોગ નંબર ને રાઇટ નંબર બતાવી લે છે. અને એ પોતે પોતાના તર્ક આપ્યા રાખે છે અને સાથે જ પોતાની વાતો ઉદાહરણ સ્વરૂપે બતાવે છે.

શાનદાર ડાયરેકશન રાજકુમાર હિરાનીએ ફરી એક વાર સાબિત કરી બતાવ્યું છે કે તેમની ફિલ્મ કઇ રીતે પ્રસિદ્ધિ હાંસલ કરે છે. એને સ્ટોરી એવા અભિનય પર ફોક્સ કરી છે કે ભલે એ બીજા ગ્રહ પરથી આપ્યો છે પણ એને ધરતી પર રહેલા લોકો બોવ બધુ શિખવાડ્યું છે.

એમ પણ રાજકુમારી હિરાનીની ફિલ્મ હંમેશા કંઇક મેસેજ આપે છે જ. ૩ ઇડિયટ્સ એ મિત્રતાની સાથે મા-બાપને પુત્રોની ઇચ્છા જાણવાનો મેસેજ આપ્યો હતો. જયારે મુન્નાભાઇ સિરીઝ એ લોકોને એક બીજાથી જોડવાનો સંદેશા આપ્યો હતો.

એવામાં પીકે પણ પોતાનો મેસેજ આપવામાં બરોબર સફળ રહી છે.

અદ્‌ભૂત અભિનયના લીધે ફિલ્મની સ્ટોરી આમીર અને અનુષ્કા શર્મા પર ફોક્સ કરવામાં આવી છે. એ માટે આ બંને અભિનય માટે ફુલ માર્ક્સ આપવામાં આવી શકે. પીકે ના રોલમાં આમીર ખાને અદ્‌ભૂત અભિનય કર્યો છે. બીજી બાજુ અનુષ્કાએ પણ પોતાનો રોલ ખુબ જ ઇમાનદારી પૂર્વક કર્યો છે. સંજય દત્ત અને સુશાંત સિંહના રોલ ખુબ જ નાના છે. પણ લોકોને હસાવવા માટે સફળ રહ્યા છે. જયારે સૌરભ શુક્લા પણ તપસ્વીના રોલમાં બરોબર ફિટ દેખાય છે.

રાજકુમાર હિરાનીના ડાયરેકશનમાં આમીરખાનનો અભિનયએ કોમ્બિનેશનની ફિલ્મને ન જોવાની વાત અને ફિલ્મને ન દેખવાની વાતને વિચારવી પણ ખોટી છે.

ફિલ્મને જોવા માટે ખિસ્સા થોડા ખાલી કરવા પડશે અને બની શકે તો પોપકોર્ન સિનેમાઘરોની બહાર જઇને જ ખાવા, અથવા ફિલ્મ જોવા માટે ઘરેથી જ ખાઇને જાવ એમાં પણ ફિલ્મ દેખવા જાવ તો ફિલ્મ જોવામાં વધારે ધ્યાન આપો, ફિલ્મમાં અભિજાત જોષી, વિનોદ ચોપરા રાજુહિરાનીને જોરદાર મહેનત રંગ લાવી છે. આ ફિલ્મમાં આમીરના અભિનયે ખરેખર લોકોને સિનેમાઘરો સુધી ખેચવામાં સફળ રહી છે.




૧૯મી ડિસેમ્બરના દિવસે ફિલ્મ રજૂ થયા ત્યારથી હજુ સુધી બોક્સ ઓફિસ ઉપર ૯૫.૨૧ કરોડની કમાણી કરી ચૂકી છે. છ હજાર સ્ક્રિનમાં આ ફિલ્મ એક સાથે રજૂ થઇ છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર નવો રેકોર્ડ સર્જવાની દિશામાં આગળ વધી રહી છે.